## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં ટ્રેઝરી ઓફિસ બહારથી બાઇકની ચોરી

ભરૂચ: ભરૂચ શહેરના ટ્રેઝરી ઓફિસની સામેથી એક બાઇક ચોરાઈ હતી. ભરૂચના ભારતી રો હાઉસમાં રહેતા નરેન્દ્રકુમાર હસમુખભાઈ પરમાર ગુજરાત ઇન્ફોટેક કોન્ટ્રાક્ટમાં પાણી પુરવઠા વાસ્મોમાં નોકરી કરે છે. તા. 21 મે 2026ના રોજ સવારે આશરે 10:50 કલાકે તેઓ પોતાની હીરો હોન્ડા પેશન પ્લસ નં. (GJ16AK4767) લઈ પાણી પુરવઠા વિભાગની ઓફિસ (ટ્રેઝરી ઓફિસની ઉપર) નોકરીએ ગયા હતા. બપોરે બહાર નીકળતાં તેમની રૂ.15 હજારની બાઇક ચોરાઈ જતાં ઈ-FIR ફરિયાદ કરતાં ભરૂચ એ ડિવિઝનમાં અજાણ્યા ચોર સામે ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### પલસાણામાં ૨૧ વર્ષીય યુવતી ગુમ

પલસાણા: પલસાણાના તુંડીગામ ખાતે જય અંબે રેસિડેન્સીના મકાન નં.૪૩માં રહેતા નવલભાઈ સીતારામ મહાજનની પુત્રી વર્ષા (ઉં.વ.૨૧) ગત તા.૨૭/૫/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યા પહેલાં કોઈને પણ કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલી ગઈ છે. પરિવારજનોએ તેની ઘણી શોધખોળ કરી પરંતુ કોઈ પત્તો ન મળતાં આખરે પલસાણા પોલીસ મથકે જાણ કરી હતી. આ મામલે એ.એસ.આઈ. નરેશભાઈ રમણભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### ખરચી ગામે જમીન વિવાદમાં વૃદ્ધા પર હુમલો

ભરૂચ-ઝઘડિયા: ઝઘડિયાના ખરચીબીલવા ગામે જમીનના વિવાદને લઈને 75 વર્ષીય વૃદ્ધા પર પાડોશી યુવકે લાકડા વડે હુમલો કર્યો હતો. આ ગામમાં લખીબેન ઝીણાભાઈ વસાવા તેમની દીકરી તેજુબેન સાથે રહે છે. ગત તા. 29મીએ સવારે આશરે 11 વાગ્યે તેઓ પોતાના ઘર પાછળ લીંબડાના ઝાડ નીચે બેઠાં હતાં. ત્યારે પાડોશમાં રહેતા કનુભાઈ વિઠ્ઠભાઈ વસાવાએ તેમને ઘર છોડીને જવા કહ્યું અને વૃદ્ધાએ જમીન પોતાની હોવાનો દાવો કર્યો હતો. આરોપીએ અપશબ્દો બોલવાની શરૂઆત કરી અને હાથમાં લાકડું લઈને હુમલો કર્યો. વૃદ્ધાએ બચાવ કરતાં ડાબા હાથની હથેળીએ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધાને ખાનગી વાહનમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવામાં આવી હતી.જે બાબતે ઝઘડિયા પોલીસ મથકમાં કનુ સામે ગુનો નોંધાયો હતો.

### કામરેજમાં રત્નકલાકાર પર હુમલો કરનારા ત્રણેય જેલ ભેગા

કામરેજ: કામરેજના નનસાડ રોડ પર આવેલી ઓપેરા હોમ્સ સોસાયટીમાં રહેતા રત્ન કલાકારને પિતા અને બે પુત્રોએ માર મારી લોહી લુહાણ કરી દીધા હતા. મૂળ રાજકોટ જિલ્લાના વાડસડા ગામના વતની અને હાલ નનસાડ રોડ પર આવેલી બી 97 ઓપેરા હોમ્સ સોસાયટીમાં પીટૂલ અનિલ રોકડ રહે છે. અને રત્ન કલાકાર તરીકે કામ કરે છે. બે દિવસ અગાઉ સાંજે કામ પરથી આવી આવી પત્ની તેજલબેન,પુત્રી વૃંદા સાથે સોસાયટીમાં રહેતા હરેશભાઈ તથા કિશોરભાઈ ઘરની બહાર બેસી વાતો કરતા હતા. તે દરમિયાન રાત્રીના 9.30 કલાકે પાડોશમાં રહેતા અશોક વાલાજી લાડવા, નિલેશ લાલજી લાડવા, હાર્દિક લાલજી લાડવા નાઓ સોસાયટીમાં રહેતા ભરતભાઈના ઘર આગળ ઝઘડો કરતા હતા અને મકાન ખાલી કરવાનું કોણ કહેતું હતું. તેમ વાત કરીને અશોક લાડવાએ પીટુલભાઈને બોલાવી એકદમ ઉશ્કેરાઈ જઈને હાથમાં રહેલો લોખંડનો છીણો તેમજ નિલેશના હાથમાં વોકર સાઇકલ મારી દેતા લોહી લુહાણ થઈ જતાં સારવાર માટે દીનબંધુ હોસ્પિટલ માં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જે અંગે કામરેજ પોલીસ ત્રણેય સામે ફરિયાદ નોંધી અટક કરી જેલ હવાલે કરી દીધા હતા.

### પાલોદમાં પરિવાર હોટલમાં ભોજન કરવા ગયો ને કારમાંથી લેપટોપ ચોરાયું

હથોડા: પાલોદ પોલીસ સ્ટેશનની નજીક આવેલી એક હોટલના ગ્રાઉન્ડમાંથી પાર્ક કરેલી કારનો કાચ તોડી લેપટોપની ચોરી થઈ હતી. તરસાડીના વિઠ્ઠલવાડી વિસ્તારમાં રહેતા ધ્વનિલ પરેશકુમાર શાહ પાટણ ખાતે આવેલા પ્રખ્યાત શંખેશ્વર જૈન મંદિરના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે ૯ વાગ્યાની આસપાસ તેઓએ પોતાની GJ 19 BJ 0682 નંબરની કાર પાલોદ પોલીસ મથક પાસે આવેલી હોટલ શિવ શક્તિના ગ્રાઉન્ડમાં પાર્ક કરી હતી અને અંદર જમવા ગયા હતા. તે દરમિયાન કોઈ તસ્કરે કારની પાછળની સીટનો ડાબી બાજુનો કાચ તોડી નાંખ્યો હતો અને અંદર મૂકેલી કીમતી લેપટોપ સાથેનું બેગ ચોરી ફરાર થઈ ગયો હતો. આ મામલે ધ્વનિલ શાહે પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### લખીગામમાં અકસ્માતમાં વૃદ્ધનું મોત

ભરૂચ: લુવારાના દરજી ફળિયામાં રહેતા ઠાકોરભાઈ લખુભાઈ ટેલર (ઉં.વ.71) તા.30/5/2026ના રોજ સવારના અંદાજે 6 વાગ્યે પોતાની હીરો HF ડિલક્સ i3S નં.(GJ-16-EF-0248) મોટરસાઇકલ પર ગંધાર ખાતે આવેલા બિલબાઈ માતાના મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને તેઓ લુવારા ગામે પરત ફરી રહ્યા હતા. ત્યારે સવારના સવા 9 વાગ્યાના અરસામાં રિલાયન્સ સર્કલ, લખીગામ ખાતે એક મારુતિ ઈકો ગાડી નં.(GJ-16-FB-3246)ના ચાલકે પૂરઝડપે વાહન હંકારતાં ડાબી બાજુથી મોટરસાઇકલને ટક્કર મારી દીધી હતી. અકસ્માતમાં વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઈકો ગાડીના ચાલક રવિન્દ્રસિંહ કીરતારસિંહ સોલંકીએ તાત્કાલિક પોતાના વાહનમાં બેસાડીને સારવાર માટે બિરલા કોપરની કંપનીના આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે પહેલા ભરૂચ અને ત્યારબાદ વડોદરાની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે, ત્યાં સારવાર દરમિયાન રાત્રે તબીબે મૃત જાહેર કર્યા હતા. જે બાબતે દહેજ મરિન પોલીસમાં ઇકો ગાડીના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

### પલસાણા એક્સપ્રેસ હાઈવે પરથી રૂ.૩.૭૭ લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ એના ગામની સીમમાં ભારતમાલા હાઇવે પર શંકાસ્પદ હાલતમાં પસાર થતા એક આઇસર ટેમ્પો નં.(GJ-23-Y-8748)ને અટકાવી તપાસ કરવામાં આવી હતી. દરમિયાન ટેમ્પોમાંથી વિદેશી દારૂનો ગેરકાયદે જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી દારૂ કુલ કિં.રૂ.૩,૭૭,૪૯૦, આઇસર ટેમ્પો કિં.રૂ.૫ લાખ, ૧ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦ અને રોકડા રૂ.૫૦૦ મળી રૂ.૮,૮૨,૯૯૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં પોલીસે ટેમ્પો ચાલક મદન હરિવંશ પાંડે (ઉં.વ.૫૦) (ધંધો-ડ્રાઇવિંગ) (હાલ રહે.,રૂમ નં.૧૦૧, દીપકભાઈની ચાલ, વલ્લભનગર, ગુંજનશ્રી ગામ, તા.વાપી; મૂળ-બિહાર)ની ધરપકડ કરી લીધી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું છે કે વાપીના રહેવાસી ‘યાદવભાઈ’ નામના ઇસમે આ દારૂ ભરાવી આપ્યો હતો. પોલીસે યાદવભાઈને વોન્ટેડ જાહેર કર્યો છે. આ મામલે પલસાણા પોલીસે ડ્રાઇવર અને વોન્ટેડ સપ્લાયર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

### ભરૂચમાં સ્કૂલ બેગમાં દારૂ લઈ જતો ખેપિયો ઝડપાયો

ભરૂચ: ભરૂચના ગોદી રોડ વિસ્તારમાં LCB ટીમે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, એક બર્ગમેન મોપેડ પર બે સ્કૂલ બેગમાં 264 બોટલ વિદેશી વ્હિસ્કી લઈ જઈ રહ્યો છે. પકડાયેલા આરોપી હમઝા ઇદ્રીશ શેખ (ઉં.વ.31) (રહે.,પ્રતિષ્ઠા રેસિડેન્સી, કાપોદ્રા, તા.અંકલેશ્વર) પાસેથી વિદેશી દારૂની કુલ 264 બોટલ કિંમત રૂ.45,144 તેમજ બર્ગમેન મોપેડ નં.(GJ-16-EG-8043) કિંમત રૂ.50,000 મળી રૂ.1,00,144નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કરાયો હતો. હમઝા શેખે પૂછપરછમાં જણાવ્યું કે, આ દારૂ તેના નાનાભાઈ રમઝાન ઇદ્રીશ શેખે મંગાવ્યો હતો, જે પોતે દમણથી ટ્રેન મારફત લઈ આવ્યો હોવાનું કબૂલ્યું હતું. ભરૂચ એ ડિવિઝન પોલીસમાં બંને સામે પ્રોહિબિશનનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી રમઝાન શેખ વોન્ટેડ છે.

### કામરેજના વિહાણ પાસે ગરમીથી અજાણ્યા માણસનું મોત

કામરેજ: કામરેજ તાલુકાના વિહાણ ગામની હદમાં ડુંગર જતા રોડ પર નહેરની બાજુમાં અજાણ્યા ઈસમ ગરમીના કારણે બીમાર પડી જતાં સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા ટૂંકી સારવાર દરમિયાન શનિવારના રોજ સાંજે પાંચ કલાકે મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસએ અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તુમડાવાડીમાં 600ની વસતી, છતાં સરકારી તંત્રના હિસાબે ગામ ઉજ્જડ





સાગબારા: નવા ચીકદા તાલુકાના તુમડાવાડી ગામની દશા અત્યંત ચિંતાજનક છે. દેશને આઝાદી મળ્યાનાં 78 વર્ષ પૂર્ણ થયા છતાં અહીં પીવાના પાણી, પાકા રસ્તા, વીજળી, શાળા અને આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી. ગામની દર્દનાક સ્થિતિ સામે આવી છે ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજય હાંસલ કરનાર આમ આદમી પાર્ટીના આગેવાનોએ મુલાકાત લઈ તાત્કાલિક બોરવેલ ખોદવાની કામગીરી હાથ ધરી છે.

આમ આદમી પાર્ટીના આગેવાનો જ્યારે ગામે પહોંચ્યા ત્યારે ગ્રામજનોએ તેમની સમક્ષ પોતાની વેદના મૂકી હતી. ગામમાં પીવાના શુદ્ધ પાણીની કોઈ વ્યવસ્થા ન હોવાથી લોકો કોતેડામાંથી પાણી લાવીને પીવા મજબૂર છે. રસ્તાની સુવિધાના અભાવે ઈમરજન્સી સમયે 108 એમ્બ્યુલન્સ પણ ગામ સુધી પહોંચી શકતી નથી. અંદાજે 70થી 80 જેટલા બાળકો અભ્યાસલાયક વયના હોવા છતાં શાળાની સુવિધા નથી, જ્યારે 30 જેટલાં નાનાં બાળકો માટે આંગણવાડી કેન્દ્ર પણ નથી.

અંદાજે 600ની વસતી ધરાવતા આ ગામમાં વીજળીની સુવિધા પણ નથી, જ્યારે બાજુના દુધલીવેર ગામ માટેની કૃષિ વીજ લાઈન તુમડાવાડી ગામમાંથી જ પસાર થાય છે. સિંચાઈની કોઈ વ્યવસ્થા ન હોવાથી ખેડૂતો માત્ર ચોમાસા આધારિત ખેતી પર નિર્ભર છે. મોટા ભાગનાં મકાનો કાચાં અને ઝૂંપડાં સ્વરૂપે છે. વન વિભાગે પાકાં મકાનો બનાવવા માટે મંજૂરી ન આપતાં ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. ગામમાં માત્ર 41 લોકોના આધારકાર્ડ બન્યાં છે, જ્યારે ઘણાં પાસે રાશનકાર્ડ અને અન્ય સરકારી દસ્તાવેજોની અછત છે.

### ગ્રામજનો જાતે જ બનાવે છે કામચલાઉ રસ્તો

દર વર્ષે ચોમાસા દરમિયાન પાકા રસ્તાના અભાવે તુમડાવાડીના ગ્રામજનો જાતે મહેનત કરી કામચલાઉ કાચો રસ્તો બનાવવા મજબૂર છે. અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો, ધરણાં-પ્રદર્શન કર્યા છતાં પણ અધિકારીઓએ આ ગરીબ આદિવાસીઓનો અવાજ સાંભળ્યો નથી.

### ‘ઉજ્જડ ગામ’ ગણાવી તંત્ર દ્વારા ઉડાઉ જવાબ

ગામના મનજી જાહગાભાઈ ગોવાળીયાએ 2024માં ગંગાપુર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને લેખિત ફરિયાદ કરી હતી. જેના જવાબમાં તંત્રએ જણાવ્યું હતું કે તુમડાવાડી ગામ હાલ સરકારના રેકર્ડ મુજબ ‘ઉજ્જડ ગામ’ છે અને તે વન વિભાગના ક્ષેત્રમાં આવતું હોવાથી ફરિયાદ વન વિભાગને લાગુ પડે છે.

### ગોવાળીયા-કોટવાળીયા સમાજની ગાંધીનગર સુધી રજૂઆત

ગીચ વનરાજી વચ્ચે વસેલા આ ગામમાં મુખ્યત્વે ગોવાળિયા અને કોટવાળીયા સમાજના લોકો વસે છે. તેઓએ ગંગાપુર ગ્રામ પંચાયતથી લઈને રાજપીપળા અને ગાંધીનગર સુધી અનેક વખત મૂળભૂત સુવિધાઓ માટે રજૂઆતો કરી છે. આપના આગેવાનોએ ગ્રામજનોની સમસ્યાઓ સાંભળી બોરવેલ ખોદવાની કામગીરી હાથ ધરી છે અને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે. હવે જોવું એ રહ્યું કે જિલ્લામાં આમ આદમી પાર્ટી સત્તા સ્થાને બિરાજમાન થયા બાદ તુમડાવાડી ગામની સમસ્યાઓનો કાયમી ઉકેલ ક્યારે આવે છે.



## અંકલેશ્વરમાં વરસાદી ગટરમાં ઉભરાઈ રહ્યાં છે પ્રદૂષિત પાણી!

**પ્રદૂષિત** પાણીના કાયમી નિરાકણ માટે નક્કર આયોજન થવું જરૂરી: પ્રકૃતિ સુરક્ષા મંડળ

અંકલેશ્વર: હવે ગણીને ચાર દિવસ પછી એટલે કે પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવશે ત્યારે અંકલેશ્વરની કપરી સ્થિતિના કાયમી નિરાકરણ માટે નક્કર આયોજન થવુ જોઈએ. અહીં વરસાદી પામીના નિકાલ માટેની જે વ્યવસ્થા છે તેમાં પણ પ્રદૂષિત પાણી ઉભરાઈ રહ્યાં છે. આ અંગે તાકીદે યોગ્ય કરવા જીપીસીબી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વિસ્તારમાં હેમા ફાર્મા (L|T ચોકડી)થી વરસાદી ગટરોમાં વિવિધ કલરનાં પ્રદૂષિત પાણી C પમ્પિંગ સુધી અને તે બાદ અમરાવતી ખાડી તરફ કાળા કલરનાં પ્રદૂષિત પાણી દેખાઈ રહ્યા છે. પ્રદૂષિત પાણી વેહડાવી દેવાની અનેક ઘટનાઓ ભૂતકાળમાં બનતી આવી છે. આજે અંકલેશ્વર વસાહતની વરસાદી ગટરમાં વિવધ કલરનું પ્રદૂષિત પાણી વેહેતું નજરે જણાતા પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા જીપીસીબી ગાંધીનગર અને અંકલેશ્વર સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી.

પ્રકૃતિ સુરક્ષાના સલીમ પટેલે જણાવ્યું છે “NGT કોર્ટના હુકમથી અંકલેશ્વરનાં પ્રદૂષિત પાણીને રોકવા બાબતે કમિટીની રચના કરવામાં આવી છે. જેની મિટિંગો થાય છે, અધિકારીઓ બદલાયા છે તો પણ આવી ઘટનાઓનું પુનરાવર્તન થઈ રહ્યું છે. તો શું આ તંત્ર ની નિષ્કાળજી છે ? કે ગુનાહિત તત્વો ને તંત્ર નો કોઈ ડર નથી ? આપણે 5 જુન ૨૦૨૬ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ તરીકેની ઉજવણી કરવાના અનેક આયોજનો કરી રહ્યા છીએ એવા સમયે પણ અને ભર ઉનાળામાં પણ પ્રદૂષિત પાણીને રોકી શકતા નથી તો આવનારા વર્ષાઋતુમાં શું થશે એની કલ્પના જ કરવી રહી!

અમરાવતી ખાડી અને છાપરા ખાડી પ્રદૂષિત બને છે આ પાણી નર્મદા નદી સુધી જાય છે જેથી ભૂગર્ભ જળ પ્રદૂષિત થાય છે માનવ સ્વાસ્થ્ય અને જળચરના જીવનને ખતરો રહે છે. ફરિયાદ કરીએ તપાસ થાય એના કરતા આવી ઘટનાઓ જ ના બને એવી વ્યવસ્થા હોવી જોઈએ.

## ભરૂચના લેબોરેટરી મેનેજર સાથે 45.22 લાખની છેતરપિંડી

**ઓનલાઈન** ટ્રેડિંગના નામે છેતરપિંડી કરતાં સાયબર ક્રાઇમ હેલ્પલાઈન ઉપર ફરિયાદ

ભરૂચ: સ્ટોક માર્કેટ અને ફોરેક્સ ટ્રેડિંગમાં વધુ વળતરની લાલચ આપી અજાણ્યા સાયબર ક્રિમિનલ્સે ભરૂચના એક લેબોરેટરી મેનેજર સાથે 45.22 લાખની છેતરપિંડી કરી હોવાનો કેસ સામે આવ્યો છે. સાઈબર માફિયાએ પીડિતને ‘MARK CM’ નામની મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, વિવિધ બેંક ખાતામાં રકમ જમા કરાવડાવી અને પૈસા પરત મેળવવા માટે વધારાના રૂ.56.41 લાખની માંગણી કરી હતી.

ભરૂચના ભોલાવ ખાતે રહેતા અને દહેજ GIDCમાં આવેલી ‘દીપક ફિનોલિક્સ’ કંપનીમાં લેબોરેટરી મેનેજર તરીકે કાર્યરત ધર્મેશભાઈ સિદ્ધપુરિયા છેલ્લાં ચાર વર્ષથી પરિવાર સાથે વસવાટ કરે છે. તા.19/02/2026ના રોજ તેમના WhatsApp નંબર 7574822330ને અજાણ્યા વ્યક્તિ દ્વારા ‘Profit Strategy Room 27’ નામના WhatsApp ગ્રુપમાં ઉમેરવામાં આવ્યો હતો. આ ગ્રુપના એડમિન નંબર +919051397323 અને +917420911176 હતા. ગ્રુપના સભ્યો દ્વારા સ્ટોક માર્કેટ અને ફોરેક્સ ટ્રેડિંગના વળતર અંગે સંદેશા મૂકવામાં આવતા હતા. તા.3/3/2026ના રોજ ગ્રુપ એડમિને પીડિતને ‘+917058115609’ WhatsApp નંબરની ધારક ‘મિનાક્ષી’ નામની વ્યક્તિ સાથે વાત કરવા જણાવ્યું હતું. મિનાક્ષીએ પીડિતને એપલ સ્ટોર પરથી ‘MARK CM’ એપ ડાઉનલોડ કરાવી, જેમાં પીડિતે પોતાની પત્નીના આધાર કાર્ડથી રજિસ્ટ્રેશન કર્યું હતું. એપમાં લઘુત્તમ રોકાણ રૂ.50,000 હોવાનું જણાવતાં તેઓએ તા.4/3/2026થી 4/4/2026 દરમિયાન કુલ રૂ.45,22,000નું રોકાણ 12 હપ્તામાં જુદાં-જુદાં બેંક ખાતામાં જમા કરાવ્યું હતું.

જ્યારે તેઓએ એપ ઉપર રકમ નફા સાથે પાછી મેળવવા વિનંતી કરી ત્યારે આરોપી મિનાક્ષીએ વધારાના રૂ.56,41,600 જમા કરાવ્યા બાદ જ પૈસા મળી શકે તેમ જણાવ્યું હતું. આ સાથે જ જો વધારાની રકમ નહીં જમા કરાવવામાં આવે તો અગાઉનું રોકાણ પણ પાછું નહીં મળે તેવી ધમકી આપવામાં આવી હતી.

આ બાબતે તા.6/4/2026ના રોજ સાયબર ક્રાઇમ હેલ્પલાઈન નંબર 1930 ઉપર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. તેઓએ SBI અને ICICI બેંકના ખાતાની વ્યવહાર વિગતો તેમજ સ્ક્રીનશોટ પુરાવા તરીકે રજૂ કર્યા છે. બાદ સાઈબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ સાથે ઓનલાઈન ટ્રેડિંગ કરતા ધી ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ એક્ટ-2008 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## કપાસ આયાત ડ્યૂટી હટાવી મોદી સરકારે ખેડૂતોની કમર તોડી: સંદીપ માંગરોલા

**આયાત** ડ્યૂટી હટાવવાના અને ત્રણ મહિના સુધી લંબાવવાના નિર્ણય સામે કોંગ્રેસ નેતા સંદીપ માંગરોલાનો વિરોધ

ભરૂચ: ભારત સરકાર દ્વારા કપાસ પરની આયાત ડ્યૂટી હટાવવાના અને તેને ત્રણ મહિના સુધી લંબાવવાના નિર્ણય સામે કોંગ્રેસ નેતા સંદીપ માંગરોલાએ તીવ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. તેમણે આ નિર્ણયને દેશના લાખો કપાસ ઉત્પાદક ખેડૂતો સાથે ‘દગો’ ગણાવ્યો છે.

માંગરોલાએ એક નિવેદનમાં કહ્યું કે, “ગુજરાત સહિત સમગ્ર દેશમાં કપાસના ખેડૂતો પહેલેથી જ ઉત્પાદન ખર્ચ, હવામાનની અનિશ્ચિતતા અને ભાવના ઉતાર-ચઢાવનો સામનો કરી રહ્યા છે. આવા સમયે વિદેશી કપાસને મફત પ્રવેશ આપવો એ ખેડૂતો સાથે અન્યાય છે.”

તેમણે કેન્દ્ર સરકાર પર વેપાર અને વિદેશ નીતિમાં નિષ્ફળતાનો આરોપ મૂકતા કહ્યું કે ટેરિફ યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય વેપારના પડકારોનો બોજ ખેડૂતોના ખભા પર નાંખવો યોગ્ય નથી. “કપડાં ઉદ્યોગને મદદ કરવા અન્ય વિકલ્પો શોધી શકાય, પરંતુ ખેડૂતોના હિતોની કિંમત પર ઉદ્યોગને લાભ આપવો સ્વીકાર્ય નથી,” તેમણે ઉમેર્યું હતું.

માંગરોલાએ સરકારને તાત્કાલિક પુનર્વિચાર કરીને ખેડૂત સંગઠનો સાથે વાતચીત કરવાની વિનંતી કરી છે. “ખેડૂતોને ન્યાય, કપાસના યોગ્ય ભાવ અને આવકની સુરક્ષા મળે તેવા પગલાં ભરવા સરકારની નૈતિક જવાબદારી છે” એમ તેમણે કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ આ મુદ્દે આવતા દિવસોમાં ખેડૂત સંગઠનો દ્વારા દેશવ્યાપી આંદોલનની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

## અંકલેશ્વર GIDCમાં 3 લાખના ગાંજા સાથે બે ઝડપાયા

ભરૂચ: ભરૂચ SOGએ અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી 6 કિલો 100 ગ્રામ ગાંજા કિં. રૂ.3,05,000 અને બે મોબાઈલ ફોન કિં.રૂ.10,000 સહિત કુલ રૂ.3,15,000ના મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી લીધા છે. ભરૂચ SOG ટીમને બાતમી મળી હતી કે અંકલેશ્વર રાજપીપળા રોડ પર આવેલા શાંતિનગરમાં સુમનકુમાર મંટુ યાદવ અને ગોલુકુમાર મંટુ યાદવ તેમના રહેણાક મકાનમાં ગાંજાનું વેચાણ થાય છે. બાતમીના આધારે PI એ.વી. પાણમીયાની ટીમે રેડ કરી આરોપીઓના કબજામાંથી ગાંજો જપ્ત કર્યો હતો. બંને મૂળ બિહારના ભાગલપુર જિલ્લાના જમાલદીપુરના વતની છે અને હાલ અંકલેશ્વરમાં રહે છે. અંકલેશ્વર GIDC પોલીસે તેમની વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત સુંદરમકુમાર યાદવને વોન્ટેડ જાહેર કરી શોધખોળ ચાલુ છે.

## અંકલેશ્વરમાં શિક્ષિકા પુત્રવધૂની સાસરિયા સામે ત્રાસની ફરિયાદ

**પતિ,** સાસુ-સસરા અને બે નણંદ સામે શારીરિક-માનસિક ત્રાસનો ગુનો નોંધાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના અક્ષર બંગલોઝમાં રહેતાં અને શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં દિપાલી માહ્યાવંશીએ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમણે તેમના સસરાને અગાઉ ટ્રેક્ટર ખરીદવા માટે રૂા.1.80 લાખ આપ્યા હતા. આ રકમ પરત માંગતા સસરાએ માત્ર 82,000 રૂપિયા પરત કર્યા હતા. બાકીના રૂપિયા પણ પરત માંગતા સસરા, સાસુ મીનાબેન અને પતિ તપન સહિતના સાસરિયાઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતું. આ ઉપરાંત શિક્ષિકાના પતિએ પણ લોનના 6 લાખ રૂપિયાની માગણી કરવા માંડી હતી. ગત તારીખ 26મીએ રાત્રિના સમયે તેમના પતિ નોકરી પરથી પરત ઘરે આવ્યાં ત્યારે 6 વર્ષીય દીકરા પર ગુસ્સો કરી રહયાં હતાં. શિક્ષિકાએ આ બાબતે પતિને રોકતાં તેમણે ફરી ઝઘડો શરૂ કરી દીધો હતો. આ સમયે તેના સાસુ-સસરા અને નણંદો પણ દોડી આવી હતી અને શિક્ષિકાને માર મારવાનું શરૂ કરી દીધું હતું. શિક્ષિકાએ પતિ તપન, સસરા ગંગારામ, સાસુ મીના અને બંને નણંદો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## વાલિયા: અકસ્માતમાં યુવતીનું મોત

ભરૂચ: રત્નકલાકાર મેહુલભાઈ બરતબાઈ બાવળિયા (ઉ.વ.23, રહે. અધેલાઈ, જિ.-ભાવનગર)એ ફરિયાદ આપી હતી કે, તેઓ તેમનાં માતા વસનબેન, મોટાં બહેન હેતુ ઉર્ફે હેતલબેન અને અન્ય સંબંધીઓ સાથે મોવી (તા.નેત્રંગ, જિ.ભરૂચ) ખાતે લગ્ન સંબંધમાં છોકરી જોવા નીકળ્યા હતા. તેમની ઈક્કો ગાડી વાલિયા ચોકડીથી મોવી જવા નીકળી હતી. રવિવારે મળસ્કે સાડા ચારેક વાગ્યે કોંઢ ગામે જોગણી માતાના મંદિર પાસે પહોંચતા જ આગળ જતા ટેન્કરના ચાલકે અચાનક બ્રેક લગાવી દીધી. પાછળ આવતી ઈક્કો ગાડી ટેન્કરમાં અથડાઈ અને સાઈડમાં પલટી ગઈ હતી. જેમાં હેતલબેન અજીતભાઈ ધરજિયા (ઉ.વ.25) નું મૃત્યુ થયું હતું.

## કડોદરામાં જમીન વિવાદમાં સગા પરિવારનો દીકરી પર હુમલો

**પલસાણા** કોર્ટમાં ચાલતા પ્લોટના કેસની અદાવતમાં પરિવારે વેર વાળ્યું

પલસાણા: પલસાણાના કડોદરા ખાતે પારસ મેડિકલની સામે જાહેર રોડ પર પારિવારિક જમીનના વિવાદમાં એક સગા ભાઈ, માતા, બહેન અને ભાભીએ ભેગા મળી પોતાની જ બહેન તેમજ તેની સાથે સાથેના એક યુવક પર લાકડાના ડંડા અને ઢીકમુક્કી વડે ઘાતકી હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું છે, જ્યારે યુવતીને પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. કડોદરા GIDC પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર કડોદરાના શાંતિનગર ખાતે રહેતા અને મજૂરીકામ કરતા નિશાબેન શંકરભાઈ બાવિષ્કર (ઉં.વ.૩૧)ને તેમના જ ઘર નં.૮૯ વાળા પ્લોટ બાબતે પોતાના જ ભાઈ અને પરિવાર સાથે લાંબા સમયથી પલસાણા કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આ જમીન વિવાદના કારણે પરિવારમાં અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. ગઈકાલ તારીખ ૨૯ મે-૨૦૨૬ના રોજ સવારે આશરે ૯:૩૫ વાગ્યે, નિશાબેન તેમની સાથે કામ કરતા રાજુ હીરાલાલ સિંગ નામના યુવક સાથે મોટરસાઈકલ પર બેસીને પારસ મેડિકલની સામે આવેલા પ્લોટ પર ગયાં હતાં. રાજુ ત્યાં ગાડી પાર્ક કરીને પાણીની બોટલ લેવા નહેર તરફ જઈ રહ્યો હતો, ત્યારે જ નિશાબેનનો સગો ભાઈ પ્રકાશ ઉર્ફે છોટુ શંકર બાવિષ્કર હાથમાં લાકડાનો ડંડો લઈને રાજુને મારવા દોડ્યો હતો.

નિશાબેને બૂમ પાડીને રાજુને સાવચેત કરવાનો પ્રયત્ન કર્યો કે, પીછે દેખ છોટુ મારને દોડા હૈ, પરંતુ એટલી જ વારમાં પ્રકાશે લાકડાના ડંડાનો ફટકો રાજુના જમણા હાથ પર મારી દીધો હતો. હુમલાથી બચવા માટે રાજુ ત્યાંથી એસ.બી.આઈ. એટીએમ તરફ ભાગી છૂટ્યો હતો.

રાજુ ભાગી ગયા બાદ અચાનક નિશાબેનની સગી માતા રૂપાબેન બાવિષ્કર, બહેન ઉષાબેન ભૂમિહાર અને ભાભી તનુબેન બાવિષ્કરે ત્યાં આવીને નિશાબેનને ઘેરી લીધાં હતાં. આ ત્રણેય મહિલાઓએ નિશાબેનના વાળ પકડીને રસ્તા પર જ તેમને ઢીકમુક્કીનો આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ભાઈ પ્રકાશે આવીને નિશાબેનને ગાળો આપી, હાથમાં રહેલો લાકડાનો ડંડો તેમની પીઠના ભાગે ફટકારી દીધો હતો અને અહીંથી જતી રહેજે, નહીંતર તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી.

ઘટના દરમિયાન તુરંત જ પોલીસની ‘૧૧૨ જનરક્ષક’ વાન ત્યાં આવી પહોંચતાં મામલો થાળે પડ્યો હતો. પોલીસે નિશાબેનને કડોદરા GIDC પોલીસ સ્ટેશન પહોંચાડ્યાં હતાં, જ્યાંથી તેમને ‘૧૦૮ એમ્બ્યુલન્સ’ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા મજૂર રાજુ સિંગને

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Kabanda-Gujarati
12:00pm, 09:00pm
Dhabkaaro-Gujarati - 07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૫૩/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૫/૫/૨૦૨૬

વાદી: હિનાબેન ભીખાભાઈ પટેલ, રહે. નિશાળ ફળીયુ, વડદલા, તા.પલસાણા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી તાંતીઝઘડા તાંતીઝઘડા ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી હિનાબેન ભીખાભાઈ પટેલનો જન્મ તા.27/09/1978 ના રોજ તાંતીઝઘડા, તા.પલસાણા, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૩૦/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ